# કારકીર્દી એટલે કઈ બલા, ભાઈ?

–શરીફા વીજળીવાળા

અમારું નાનપણ ભીંત્યું હાર્યે માથાં ફોડવાની રમત્યમાં જ વીતેલું. બાપુ મોસમે–મોસમે ધંધા બદલતા. બરફથી લઈને બોર સુધીના ધંધા પાછળ જાત નીચોવતા બાપુ, છેક 1960માં છાપાંની એજન્સી મળી ત્યારે જરાક ઠરીઠામ થયા. પણ ખાનારાં મોઢાં ઝાઝાં હતાં ને કમાનાર એક જ. મારી મા ઘરનું ગાડું રાગે ચડાવવા લાખ હડીયું કાઢે; તોય ઘરમાં હાંડલાં કુસ્તી કરતાં બંધ નો'તાં થાતાં. ગમે તેટલા ટુંટીયા વાળીએ તોયે ચાદર ટુંકી જ પડતી'તી. જ્યાં રોજ સાંજ પડ્યે 'ખાશું શું?'નો પ્રશ્ન ડાચાં ફાડતો ઉભો હોય ત્યાં કારકીર્દી જેવો ભારેખમ શબ્દ તો શેં પ્રવેશે? અમારે માટે કોઈ બાપીકો ધંધો વાટ નો'તો જોતો. હા, મા–બાપુ જ્યારે પણ એમની હડીયાપાટીમાંથી જરાક નવરાં પડતાં ત્યારે અમને એક વાતની ગાંઠ બંધાવતાં. 'ભણો. ભણશો તો નસીબ આડેથી પાંદડું ખસશે, બાકી તો અમારી જેમ દી' આખો ટાંટીયા તોડીને અધમુઆ થઈ જાશો; તોય કોઈ દી' બે પાંદડે નંઈ થાવ.'

મા–બાપ પોતે ભણેલાં નો'તાં પણ ભણતરનો દીવો જ અમારા અંધારા ઘરને અજવાળશે એવી જાણે કે બેઉને ખાતરી હતી. એમની આ કાયમી ટકોરથી અમારામાં ભણવા પ્રત્યે લગાવ નહીં; પણ ઝનુન કહી શકાય એવું ગાંડપણ પેદા થયેલું. ઘર જીંથરીના દવાખાનાની બા'રું. ગામમાં સૌથી વારે રુઆબ દાક્તરોનો. બધા મારા બાપુને 'તું' કહીને જ બોલાવે. એટલે જાણ્યે–અજાણ્યે ક્યાંક એવી ગાંઠ વળી ગેલી કે મોટા થઈને દાક્તર થાવું. ઘરે લાઈટ તો અમે બધાએ બારમું પાસ કરી લીધું પછી ઘણી મોડી આવી. ફળીયામાં ઢાળેલા ખાટલા પર પોતપોતાના ફાનસે વાંચવાની બાદશાહીને કારણે, ઘરના બજેટમાં સૌથી વધુ ખરર્ચો ઘાસલેટનો હતો. પણ તોય મા–બાપે ટોક્યાં નો'તાં એક ફાનસે વાંચવા માટે. ભણતાં ભણતાં પૈસા પેદા કરવા માટેના શક્ય એટલા બધા અખતરા કર્યે જાતાં. કાગળની કોથળીયું બનાવી વેચતા, જૈનોના મેળાવડામાં, ડોંગરે મહારાજની કથામાં રાગડા તાણી–તાણીને છાપાં વેચતા. છાપાના ધંધાએ જાહેરમાં બોલતાં શીખવાડ્યું અને અભ્યાસ ઉપરાન્તનું વાંચવાની ટેવ પાડી. 'ઉંટ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો'ની જેમ હું તો

ગાંડાની જેમ જે હાથ ચડે તે વાંચતી. મેઘાણી, મડીયા, ર. વ. દેસાઈ. દર્શકની સાથે જ હું કોલક, મહેશ મસ્તફકીર કે બીજી કોઈ પણ પૉકેટબુક્સ વાંચ્યે જ રાખતી.

મારો કાયમનો હરીફ મારો ભાઈ બારમા પછી વડોદરા મેડીકલમાં ગયો એટલે આપોઆપ જ મારી લાઈન નક્કી થઈ ગઈ; પણ પનો ટુંકો પડ્યો. મારે મેડીકલમાં જવા માટે રોકડા નવ માર્ક ઓછા પડ્યા. એટલે પછી વડોદરાની ઈજનેરી કૉલેજમાં આર્કીટેક્ચરમાં પ્રવેશ લીધો; પણ પેલ્લા બે જ દા'ડામાં ડેબુ ફાડી નાખે એવો ખર્ચ જોઈ મેં 'ડીપાર્ટમેન્ટ ચેન્જ'નું ફોર્મ ભરી દીધું અને ફાર્મસીમાં પ્રવેશ લીધો. પણ બી.ફાર્મ.ના છેલ્લા સેમેસ્ટરમાં 1985ના અનામત આંદોલને છ મહીના ઘરે બેસાડ્યા. વળી મેં આડેધડ વાંચવા માંડયું. હવે દલાલ–ખત્રી પછીના સુરેશ જોશી. મધુ રાય, બક્ષી, ઘનશ્યામ દેસાઈ, વીનેશ અંતાણી વગેરેને વાંચ્યા. થોડુંક ગમ્યું ને ઝાઝું પલ્લે ન પડ્યું. કૉલેજો પાછી શરુ થઈ. ડીગ્રી મળી ને એલેમ્બીકમાં એક વર્ષની એપ્રેન્ટીસશીપ મળી. મહીને ૪૫૦ રુપીયા મારા માટે જવા દેવા જેવી રકમ નો'તી. પણ વડોદરામાં સાત પેઢીએય કોઈ સગું નો'તું એટલે હૉસ્ટેલ વગર નોકરીનો મેળ ન પડે અને હૉસ્ટેલપ્રવેશ માટે કંઈક ભણવું પડે. ઈધરઉધર ફાંફાં માર્યાં પછી થાકીને આર્ટ્સ ફેકલ્ટીમાં ગુજરાતી અને ગણીત સાથે પ્રથમ વર્ષમાં પ્રવેશ લીધો. નોકરી હતી સવારના આઠથી સાંજના ચારની. વર્ગો ભરવાનો કોઈ સવાલ જ ઉભો નહોતો થતો. પણ સીતાંશુ મહેતા અને નીતીન મહેતાએ બીજા વર્ષ સુધી ભણાવવા ઉપરાન્ત પુસ્તકોની મદદ કરી. પછી તો શીરીષ પંચાલ, રમણ સોની, સુભાષ દવે, હર્ષદ ત્રીવેદી, સુધા પંડ્યાએ પણ ભરપુર મદદ કરી ને વર્ગમાં ગયા વગર હું પાંચેય વર્ષ પહેલી આવી શકી.

એલેમ્બીકમાં એક વર્ષ પછી મને કાયમી નોકરી મળી જાય એવી કોશીશ ચં. ચી. મહેતાએ પણ કરી અને શીવકુમાર જોશીએ પણ કરી; પણ નસીબ ક્યાંક બીજે જ લઈ જવા ઈચ્છતું હતું. એટલે એ નોકરી બીજાને મળી. ને મેં વડોદરાથી પચાસ કીમી દુર દોઢ વર્ષ નોકરી કરી. સવારે છએ નીકળું. રાતે આઠે પાછી આવું. પણ આ ફેક્ટરીએ મને ઘડી. માણસને પરખતાં શીખવ્યું. એક્સાઈઝ, ઓક્ટ્રોય બધે જ કેટલી હદે ભ્રષ્ટાચારે ભરડો લીધો છે તે રોજેરોજ અનુભવ્યું. આખો દહાડો ઉભાઉભા કામ કર્યા પછી મોડી રાત સુધી વાંચતી. પણ છેલ્લે થાકી અને મેં વડોદરા સ્થીત LOCOST નામના NGOમાં નોકરી લીધી. અહીં કામના કલાકો તો વધારે જ હતા; પણ કામ બહુ ગમતું. ગુજરાતભરમાં ફેલાયેલા NGOને સારી અને સસ્તી દવાઓ પુરી પાડવા ઉપરાંત પાયાની દવાઓ વીશે હું લખતી થઈ. કદાચ મને પહેલી વાર અહીં લખવાની, હેલ્થ વર્કર્સને ભણાવવાની તક

મળી. NGOમાં કામ કરતાં કરતાં શાળા સ્વાસ્થ્ય કાર્યક્રમના મારા પ્રકલ્પ અંતર્ગત મેં 1989માં વડોદરાની 28 શાળાના વીજ્ઞાન શીક્ષકોની એક તાલીમ રાખેલી. WHOના CONCEPT પ્રમાણે હું ભણાવવામાં મશગુલ હતી. બીજા દીવસે એક શીક્ષક શંકરભાઈ પટેલે મારા માથે હાથ મુકીને કહ્યું, ‘તમે કદી શીક્ષક થવા વીચાર્યું છે?’ મેં કહ્યું, ‘ના’. ‘તો વીચારો. YOU ARE A BORN TEACHER’. હું તેમને તાકી રહી ! પણ કુદરત જાણે દાવ ગોઠવી રહી હોય એમ હું 1990માં MA થઈ અને સીતાંશુ મહેતા સૌરાષ્ટ્ર યુનીવર્સીટીમાં વાઈસ ચાન્સેલર થઈને ગયા. એમની ખાલી પડેલી જગા પર મને હંગામી ધોરણે નોકરી મળી ગઈ! આ સાવ અનાયાસ થયું. જાણે ‘જાતે થે જાપાન; પહોંચ ગયે ચીન’ જેવું જ કંઈક.

1992માં સુરતની એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજમાં કાયમી નોકરી મળી પછી કાયમ ‘વર્ગ જ મારું સ્વર્ગ’ બન્યો. લખવાનું સાવ અનાયાસે થતું રહ્યું. પીતા વીશે 1988માં એક લેખ લખેલો જે ઘણાને બહુ ગમ્યો. પછીથી સુરેશ દલાલ અને મહેશ દવેના સમ્પાદનો નીમીત્તે જીવનનાં સંભારણાં આલેખાતાં ગયાં અને લોકોને ગમ્યાંય ખરાં. લાગે તેવું મોઢે કહેવાની નાનેથી ટેવ. પુસ્તક સમીક્ષામાં રમણ સોની મારા ગુરુ. સત્ય અપ્રીય લાગે તે રીતે જ કહેવાની મારી આવડતે મને ખાસ્સી અપ્રીય બનાવી. શીરીષભાઈએ કેળવેલી અનુવાદની આવડતે, મારી પાસે સંતોષ થાય એવાં કામ કરાવ્યાં. વીવેચનોથી બહુ લોકોને નારાજ કર્યા એટલે હવે ધીરે ધીરે એ છોડી રહી છું. સામ્પ્રત વીશેની મથામણો, અનુવાદો અને જીવનના અનુભવો વીશે લખવું મને ગમે છે અને લોકોને પણ કદાચ એમાં જ વધું રસ પડે છે.

આજે જીન્દગીના જે મુકામ પર હું ઉભી છું ત્યાં મને સૌથી વધુ સન્તોષ શીક્ષક તરીકેનો છે. છેલ્લાં બાવીસ વર્ષથી વર્ગમાં અને વર્ગ પત્યા પછી પણ ભણાવ્યું છે. અભ્યાસક્રમ ઉપરાંત બીજાં અનેક પુસ્તકોની ચર્ચા કરી છે, સામ્પ્રત સમસ્યાઓ ચર્ચી છે રવીવારે કે રાત્રે આ વીદ્યાર્થીઓને સારી ફીલ્મો બતાવી છે, જુથચર્ચાઓ ગોઠવી છે. 1991થી 2009 સુધી કૉલેજની હૉસ્ટેલ જ મારું ઘર હતી. વીદ્યાર્થીઓનાં ટોળાં વચ્ચે મારા ચોવીસ કલાક જતા હતા. શીક્ષકે વીદ્યાર્થી પાસે આખા ને આખા ઠલવાઈ જવાનું હોય એવું હું મારા ગુરુઓ પાસે શીખી હતી. ને નસીબે મને એવા વીદ્યાર્થીઓ પણ મળ્યા. જ્યાં ઠલવાઈ જવું લેખે લાગે. 18 વર્ષના મારા હૉસ્ટેલ નીવાસે મને કેટલી દીકરીઓ મળી એની ગણતરી ન માંડી શકું. મારા એક અવાજે દોડી આવે એવા વીદ્યાર્થીઓએ મને કદી એવું નથી લાગવા દીધું કે હું આ શહેરમાં સાવ એકલી રહું છું. કારકીર્દીનો સુર્ય તો ઠીક છે

મારા ભાઈ, પણ આ સાર્થકતા જીવવાનું બળ આપે છે, આ વીદ્યાર્થીઓ અને મીત્રો ટકાવી રાખે છે, આટલી શારીરીક પીડા વચ્ચે પણ. દર વર્ષે વર્ગમાં ઉભરાતા નવા ચહેરા, તેમની આંખોની ચમક મને ચાનક ચડાવે છે નવું વાંચવા, વીચારવા, અખતરા કરવા. નવી ફીલ્મો, નાટકોની વાતો કરવા. આ વીદ્યાર્થીઓ મારી તાકાત છે, મારી પ્રેરણા પણ. હું સતત કોશીશ કરતી રહું છું એમને સાચુકલા માણસ બનાવવાની. દુનીયાના તમામ ધર્મોની સારી વાતો કરીને, ભારતીય સંસ્કૃતીની, માનવીય મુલ્યોની. ઈતીહાસ સાથે સામ્પ્રત પ્રશ્નો સાંકળી સાચી સમજ સુધી એમને લઈ જવા હું મથતી રહું છું. સાંકડા વર્તુળમાંથી બહાર કાઢવા, એમને નર્યા માણસ બનાવવા હું હાંફી જાઉં ત્યાં સુધી મથ્યા કરું છું. આ બધી વાતો વર્ગમાં, લોબીમાં અને સમય મળ્યે સાંજે પણ થતી રહે છે. પરીક્ષાલક્ષી તૈયારીમાં જ જેને રસ હોય એવા વીદ્યાર્થીને તો મહીનામાં સંતોષી શકાય. પણ હું માનું છું કે શીક્ષકે વ્યક્તીત્વ ઘડતર કરવાનું હોય છે. હા. મારા ગુરુ જેવા ટકોરાબંધ વીદ્યાર્થીઓ હજી હું નથી ઘડી શકી; પણ મારી સફર હજી જારી છે ને હું હજી થાકી નથી. જ્યાં સુધી એકાદ ઝીલનાર પણ હશે ત્યાં સુધી હું આમ જ ઠલવાતી રહીશ.

હજી તો બીજાં એક સો વર્ષની જરુર પડે એટલું વાંચવાનું બાકી છે, થોડું લખવાનું બાકી. હા. શરીરની પીડાઓ વધતી જ જાય છે. પણ સાવ નાનેથી એક વાત મનમાં ઘર કરી ગયેલી કે ‘રસ્તામાં રોડાં આવે તો ઝરણું વહેણ બદલે, ફંટાય; પણ વહેતું બંધ ન થઈ જાય. મારું પણ કંઈક એવું જ છે. અનેક અવરોધો આવ્યા, વહેણ ફંટાયું જરુર; પણ જીન્દગીમાં આગળ વધવાની ગતી અવરોધાઈ નહીં. મને ખાતરી છે કે આગળ વધવા માગનારાને દુનીયાની કોઈ તાકાત રોકતી નથી.

**–શરીફા વીજળીવાળા**

એમના પુસ્તક **‘સંબંધોનું આકાશ’** (પ્રકાશક : ‘ગુર્જર પ્રકાશન’ : ઉલ્લાસભાઈ મનુભાઈ શાહ, 202–તીલકરાજ, પંચવટી, પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ–380 006, ફોન : 079-2656 4279, પ્રથમ આવૃત્તી : નવેમ્બર, 2011; બીજી આવૃત્તી : જુલાઈ, 2012, ત્રીજી સંવર્ધીત આવૃત્તી : 2015; પાનસંખ્યા : 94+10; મુલ્ય : 100 રુપીયા) પુસ્તકમાંનો આ સોળમો લેખ, લેખીકાની અનુમતીથી સાભાર.. ..ઉત્તમ.મધુ..

## સર્જકસમ્પર્ક :

Dr. Sharifa Vijliwala,
(Professor and Head of Gujarati Department, Veer Narmad South Gujarat University, Surat -395 007)
Resi. B-402, Vaikunth Park, B/H Bejanwala Complex, Cause-Way Road, Tadwadi, Surat-395 009 eMail : skvijaliwala@yahoo.com
FaceBook : https://www.facebook.com/sharifa.vijaliwala

## વીશેષવાત

બહુમુખી પ્રતીભાના માલીક શરીફાબહેન મસ્ત અને ચુસ્ત મીજાજનાં છે. આમ તો મુરારીબાપુના આશીષથી માંડી ઘણાં બધાં પુરસ્કારો અને બહુમાનો તેમને મળ્યાં છે. પણ તાજેતરમાં એમના ગ્રંથ ‘વીભાજનની વ્યથા’ને સાહીત્ય અકાદમી એવોર્ડ - 2018 મળ્યો. આ પહેલાં 2015માં એમણે અનુવાદીત કરેલા, પ્રસીદ્ધ લેખક અસગર વજાહતના ઉર્દુનાટક ‘જિસ લાહૌર નઈ દેખ્યા ઓ જમ્યાઈ નઈ’નો અનુવાદ, ‘જેણે લાહૌર જોયું નથી એ જનમ્યો જ નથી’ના નામે કરેલો તેને સાહીત્ય અકાદમીનો ‘અનુવાદ પુરસ્કાર’ મળેલો.

સાહીત્ય જગતનો સર્વોચ્ચ પુરસ્કાર મેળવનાર આ પુસ્તક આજે ‘વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટી’માં અનુસ્નાતક સ્તરે પાઠ્યપુસ્તક તરીકે ભણાવાય છે. આ એવૉર્ડથી શરીફાબહેનનું ગૌરવ તો થયું જ છે; સાથે ગુજરાતી ભાષા પણ પોંખાઈ છે..

..ઉત્તમ.મધુ ગજ્જર..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: ચૌદમું – અંક: 423 –March 31, 2019
‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

♦●♦

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,61,73,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,23,00,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,68,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,03,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, ફોન નંબર.. વગેરે માહીતી મોકલી મને લખજો.. તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે એક મેલ સાથે પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@